**સુરત મહાનગરપાલિકાની તા.૨૯–૧–૨૦૧૮ ના રોજ મળેલ**

**માસિક સાધારણ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.:–**

*** * * * * * ***

સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૫૯/૨૦૧૮ થી ભલામણ કર્યા મુજબ, શહેર વિસ્તારમાં પાણી પુરવઠાના નળ જોડાણ આપવા અંગેના કનેકશન ચાર્જ વિગેરે બાબતના સ્થાયી સમિતિ ઠરાવ નં.૬૦૫/૯૭, તા.૨૭–૩–૧૯૯૭ માં નીચે જણાવેલ વિગતે સુધારા વધારા કરવા નીતિ વિષયક નિર્ણય લેવાનું તથા તેને આધિનના દરો શહેર વિસ્તારમાં તા.૧–૪–૨૦૧૮ થી લાગુ પાડવાનું મંજુર કરવામાં આવે છે.

**પરિશિષ્ટ–અ**

કનેકશન માટેના દર

| અ.નં. | જોડાણની વિગત | ઘર વપરાશ માટે રૂા. | બિન રહેઠાણ/કોમર્શીયલ/ઔધોગિક મિલકતમાં વપરાશના હેતુ માટે તેમજ શહેર બહારના રહેઠાણના ઘરવપરાશના હેતુ માટે રૂા. | વેપારના હેતુ માટે વોટર બેઈઝડ ઈન્ડસ્ટ્રીયલ માટે રૂા. |
|---|---|---|---|---|
| ૧. | ૧/૨" વ્યાસ | ૪૦૦/– | ૬૦૦/– | ૧,૨૦૦/– |
| ૨. | ૧" વ્યાસ | ૮૦૦/– | ૧,૨૦૦/– | ૨,૪૦૦/– |
| ૩. | ૧ ૧/૨" વ્યાસ | ૧,૬૦૦/– | ૨,૪૦૦/– | ૪,૮૦૦/– |
| ૪. | ૨" વ્યાસ | ૩,૨૦૦/– | ૪,૮૦૦/– | ૯,૬૦૦/– |

તેમજ ઘર વપરાશના ગેરકાયદેસર નળ જોડાણ ધરાવનારાઓ પણ પાણીનો વપરાશ કરતા હોય તેવા કિસ્સામાં કુટુંબદીઠ વોટર ચાર્જ પણ વસુલ કરવાનો રહે છે. પરંતુ ગેરકાયદેસર નળ જોડાણ કયારે કરાવ્યા હોય તેની કોઈ માહિતી કે કોઈ પુરાવા મળતા નથી તેથી જે તે સમયે જે વોટરચાર્જ અમલમાં હોય તેના ૪(ચાર) ગણો વોટરચાર્જ કુટુંબદીઠ વસુલ કરવો તેમજ નીચે પરિશિષ્ટ–૨ માં દર્શાવેલ દંડની રકમ પણ જે તે સાઈઝ મુજબ વસુલવાની રહેશે.

**પરિશિષ્ટ–૨**

| અ.નં. | નળ જોડાણની સાઈઝ | ઘરવપરાશના નળજોડાણ માટેની દંડની રકમ રૂા. |
|---|---|---|
| ૧. | ૧/૨" વ્યાસ | ૫,૦૦૦/– |
| ૨. | ૧" વ્યાસ | ૨૦,૦૦૦/– |
| ૩. | ૧ ૧/૨" વ્યાસ | ૪૦,૦૦૦/– |
| ૪. | ૨" વ્યાસ | ૮૦,૦૦૦/– |

ઔધોગિક એકમો સહિત તમામ બીન રહેણાંક હેતુ માટે ગેરકાયદેસર નળ જોડાણ જણાયે તે કાપી નાંખ્યા બાદ આ જોડાણને નિયમબધ્ધ કરવા માટે માંગણી કરવામાં આવે ત્યારે ગેરકાયદેસર નળ જોડાણ ઉપર પાણીનો વોટર ચાર્જ વસુલ કરવા માટે ઉપર પરિશિષ્ટ–૨ માં જણાવેલ સાઈઝ મુજબ તેની સામે જણાવેલ રકમની ૪ (ચાર) ગણી રકમ વોટર ચાર્જ તરીકે વસુલ કરવાની રહેશે તેમજ ઉપર જણાવેલ દંડની રકમ પણ વસુલ કરવાની રહેશે.

વધુમાં, સામાન્ય સભાના ઠરાવ નં. ૧૯૯/૨૦૧૭, તા.૨૯/૦૪/૨૦૧૭ મા સુચવવામાં આવેલ અન્ય જોગવાઈઓને યથાવત રાખી ફકત ગેરકાયદેસર / ભુતીયા જોડાણને કાયદેસર કરવા અંગેની સ્કીમની સમયમર્યાદા તા.૩૧/૧૨/૨૦૧૭ થી વધારીને તા.૩૧/૦૩/૨૦૧૮ સુધીની ગણીને સદર ઠરાવનો અમલ યથાવત ચાલુ રાખવાનો રહેશે.

ઉકત પેરામાં જણાવેલ તા.૩૧/૦૩/૨૦૧૮ ની મુદત વીત્યેથી આ ઠરાવ મુજબના કનેકશનના દર/ચાર્જ/દંડની રકમો વસુલ કરવાની રહેશે.

**ઠરાવ નં.૨/૨૦૧૮ મંજુર.**

==========================

**સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,**

**સે ક્રે ટ રી,**
**સુરત મહાનગરપાલિકા,**
**તા.    –૧–૨૦૧૮.**

*Jariwala Mukesh R.*